PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN U40102GJ2003SGC042908;
ફોન નબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૯૮૯-૧ તારીખ : ૧૭ - ૦૨ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી પ્રભાતભાઈ ગોવિંદભાઈ મિયાત્રા
ભગવતીપરા શેરી નં.૧૦, ક્રિષ્ના સ્ટેશનરી વાળી શેરી ,
મુ. પો. રાજકોટ, તા : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૮૧૬૦૭૩૧૦૫૮

વિષય . ઘરવપરાશનુ વીજબીલ ન મળવા બાબતે

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા નીલ
( અત્રેના ફોરમની નોધણી નબર ૦૪/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ

આપનો વિશ્વાસુ,
( સી જે ગજેરા )
કા વા કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ ગુ વી ક લી , રાજકોટ

બિડાણ ઉપર મુજબ.

નકલ સાદર રવાના ·

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.ક.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.ક.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામા આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા ન - ૦૨/૨૦૧૯ ની વિનિયમ ન - ૨ ૫૪ અનુસાર, સદર હુકમના પાલન અગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનતી

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.ક.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી જી.વી.સી.એલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૪/ક્વા-૪/૨૨-૨૩/૧૪૯-૧ તા.17-02-23

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોધાયેલ ફરિયાદ

નોંધણી નંબર -૦૪/ક્વા-૪/૨૨-૨૩, તા ૧૧-૦૧-૨૦૨૩

અરજદાર : શ્રી પ્રભાતભાઈ ગોવિંદભાઈ મિયાત્રા- મુ રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૧

રજૂઆત કરનાર : શ્રી બી. સી. રાઠોડ, કાર્યપાલક ઈજનેર, પી જી વી.સી.એલ , વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧

## :: કોરમ ::

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૩.૦૨ ૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા ૦૩ ૦૨.૨૦૨૩ (શુક્રવાર) ના રોજ રાખવામા આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી પ્રભાતભાઈ ગોવિંદભાઈ મિયાત્રા સીંગલ ફેઝ ઘરવપરાશનુ વીજજોડાણ ગ્રાહક નં ૬૨૯૦૪/૬૧૯૩૯/૯ થી ધરાવે છે પરંતુ તેઓને આજદિન સુધી વીજબીલ મળેલ નથી, કચેરીએ રૂબરૂ જતા વીજબીલ આવી જશે તેવો ઉડાઉ જવાબ મળેલ છે અરજદારને જો વીજબીલ નહિ મળે તો તેમના દ્વારા પૈસા ભરવામા આવશે નહિ અને તે બાબતમા સંબધીત કર્મચારી અને અધિકારી પર યોગ્ય કાર્યવાહી કરી આર્થિક જે નુકશાન થાય તે સ્લેબ મુજબનુ રીફંડ આપવાની રજૂઆત કરેલ છે, તથા હવે જે બીલ આવશે તે ખૂબ વધારે દિવસનું આવશે જે ભરવું પણ મુશ્કેલ હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ છે કે સદર ગ્રાહકનું નવું કનેકશન તા.૨૮ ૦૯ ૨૦૨૨ ના રોજ લગાડવામા આવેલ સદર વીજજોડાણમા કરાર આધારિત વીજભાર ૧.૦ KW નો હોય નિયમ મુજબ ગ્રાહકનુ બિલ દ્વિમાસિક સાયકલમાં બનાવવા પાત્ર છે.

૩ ૧ મોરબીરોડ પેટાવિભાગીય કચેરીનુ તાજેતરમાં નવનિર્મિત થયેલ હોવાથી ગ્રાહકોની બિલીંગ સાયકલમાં ફેરફાર અને અન્ય બિલીંગ સંબંધિત કામગીરીનું ભારણ વધારે રહે છે. તેમજ સદર રજુઆતવાળી બિલિંગ સાયકલ ૦૩ મા અન્ય કચેરીની બિલિંગ સાયકલ ૦૧ માથી ગ્રાહકો ટ્રાન્સફર થયેલ હોય, જેમાં બિલિંગ સાયકલના એસેસમેન્ટમા આવેલ સીસ્ટમ એરરના નિરાકરણમાં ખુબ જ વિલબ થયેલ હતો. જે કારણોસર પણ સદર નવા વીજ કનેક્શનમાં પ્રથમ બીલ આપવામા થોડો વિલંબ થયેલ છે.

૩ ૨ સદર ગ્રાહક દ્વારા અગાઉ કોઈ લેખીત ફરિયાદ મોરબી રોડ પેટાવિભાગીય કચેરીને મળેલ નથી. પરંતુ તેઓ દ્વારા સીધી જ સીજીઆરએફમા ફરિયાદ કરેલ છે મોરબીરોડ પેટાવિભાગીય કચેરી દ્વારા સદર ગ્રાહકને પ્રથમ વીજબીલ ગ્રાહક નં -૬૨૯૦૪/૬૧૯૩૯/૯ થી તા ૨૩ ૦૧ ૨૦૨૩ના રોજ મીટરવાંચન મુજબ ૯૧૮ યુનિટનુ રકમ રૂ.૭૦૫૫ ૮૧નુ બીલ દિવસો પ્રમાણે સુધારી આપવામાં આવેલ છે, તેમજ મોરબીરોડ પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને ડી ઈ /મોરબીરોડ સડી/બિલીંગ/૫૨૮ તા.૨૭.૦૧ ૨૦૨૩ પત્રથી પ્રત્યુતર પાઠવેલ છે સદર કેસમા સ્લેબ મુજબ વીજબીલ આપેલ હોય જેથી અરજદારને સંતોષ થયેલ છે જેના અનુસધાને અરજદારે તા ૩૧ ૦૧.૨૦૨૩ ના રોજ સંમંતિપત્ર પણ આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે

૪ ૧ અરજદારની મુદ્દા નં ૨.૦ મુજબની રજૂઆત અન્વયે મુદ્દા ન ૩.૨ મુજબની વિગતે અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી સુખદ નિરાકરણ થતા અરજદાર દ્વારા લેખીત સંમંતિપત્ર તા.૦૧ ૦૨ ૨૦૨૩ પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે તે મુજબ તેઓને કોઈ ફરીયાદ હવે રહેતી નથી. આમ, સદરકેસમાં ફોરમે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી

૪ ૨ આ સાથે અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Joshi | | |
| (એન.એચ જોષી) | (એન જી કારીયા) | (એન.સી મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોધ અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ મા વિદ્યુત લોકપાલમા રજૂઆત કરી શકે છે આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા ન ૨/૨૦૧૯ ની કલમ ૩ ૧૯ મુજબની બધી શરતો સતોષવામા આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩ ૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સદર્ભમા પરવાનેદાર પાસે એક તૃતીયાશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય. તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે લોકપાલશ્રીની કચેરીનુ સરનામુ જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧